# ગ્રાહકોની નાણાકીય અને અન્ય પ્રકારની સુરક્ષા માટેની અનિવાર્ય પ્રક્રિયા

આપણાં આર્થિક સંસ્થાનો સાથેના સંબંધોમાં અને વ્યવહારોમાં એકવીસમી સદીની શરૂઆતથી જ એક શબ્દસમૂહ ખૂબ જ પ્રચલિત થયો છે. આ શબ્દસમૂહ છે "તમારા ગ્રાહકને ઓળખો" (KNOW YOUR CUSTOMER) જેને આપણે ટૂંકમાં "કે. વાય. સી" થી ઓળખીએ છીએ. આ શબ્દસમૂહ હવે માત્ર આર્થિક વ્યવહારો પૂરતો જ સીમિત નથી રહ્યો. આપણાં રોજ-બ-રોજના અન્ય પ્રકારના વ્યવહારોમાં પણ આ શબ્દ વધુને વધુ પ્રચલિત થતો જાય છે. આ શબ્દસમૂહ માત્ર પ્રચલિત જ નથી થયો, આર્થિક અને અન્ય પ્રકારના વ્યવહારો માટે અનિવાર્ય પણ બની ગયો છે.

બેંકમાં કોઈપણ વ્યક્તિએ નવું ખાતું ખોલવાવું હોય, જૂના ખાતામાં લાંબો સમય વ્યવહાર ન થવાને કારણે ખાતું બિનકાર્યરત થઈ ગયું હોય તેને કાર્યરત કરવું હોય, ખાતું અમુક વર્ષ પહેલા ખોલવ્યું હોય તેને અપડેટ કરવું હોય, નવી વીમા પોલિસી ખરીદવી હોય, શેરની લે-વેચ કરવા માટે ડીમેટ ખાતું ખોલવું હોય, રેલ્વે, ટ્રેન કે બસની મુસાફરી કરવાની હોય, સરકારની કોઈપણ યોજનાના લાભાર્થી બનવાનું હોય, ગેસ, ટેલિફોન કે મોબાઈલનું નવું કનેક્શન લેવાનું હોય, ડ્રાઈવીંગ લાયસન્સ કે પાસપોર્ટ નવા કઢાવવાના હોય કે રિન્યૂ કરવાના હોય, વિદેશ પ્રવાસ માટે વિસા મેળવવાના હોય, આ પ્રકારના અનેક વ્યવહારો માટે 'કે વાય સી ' ની આવશ્યકતા રહેતી હોય છે. તેના વિના એક ડગલું પણ આગળ વધી શકાતું નથી.

ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) વિશ્વસ્તરની એક સંસ્થા છે જેના મોટા ભાગના દેશો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સભ્ય છે. આ સંસ્થા ગંદા નાણાંને (ગંદુ નાણું એટલે એવું નાણું જે ગેરકાયદેસરની પ્રવૃતિઓ દ્વારા કમાયા હોય) નાથવા માટે, ગંદા નાણાંને કાયદેસરના નાણાંમાં ફેરવતું રોકવા માટે અને ત્રાસવાદી સંગઠનોને આપતું આ પ્રકારનું નાણું રોકવા માટે કાર્યરત છે. આ સંસ્થાન સમયાંતરે સભ્ય દેશો માટે માર્ગદર્શિકા આપતી રહે છે. આ સંસ્થાનને આપેલી માર્ગદર્શિકાના અમલીકરણ માટે આપણાં દેશની સરકારે ઘણા બધા કાનૂની અને વહીવટી પગલાઓ ભર્યા છે. આર્થિક સંસ્થાઓ સાથેના ગ્રાહકોના વ્યવહારોની પ્રક્રિયામાં પણ ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. આ બધા જ પ્રકારના સરકારી પગલાઓમાનું એક મહત્વનુ પગલું એટલે 'કે. વાય. સી.'

આર્થિક સંસ્થાઓ વ્યક્તિનાં વ્યવહારોમાં 'કે. વાય. સી' પ્રક્રિયાનો મુખ્ય હેતુ છે ગ્રાહકની સાચી ઓળખ મેળવવી. એક ગ્રાહકનાં નામે ગ્રાહક સિવાયની બીજી વ્યક્તિ આર્થિક વ્યવહારો દ્વારા ખોટા લાભ ન લઈ જાય, નાણાકીય છેતરપીંડી ન કરી જાય, વ્યક્તિ પોતાની સાચી ઓળખ છુપાવીને ગુનાહિત કાર્યો ન કરી જાય તેના વિષે અગમચેતી કે સાવચેતી રાખવાનો છે. વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો ગંદા નાણાંની સફાઈ કરીને, ગેરકાયદેસર રીતે કમાયેલું નાણું કાયદેસર કરીને અર્થવ્યવસ્થાને નુકસાન કરતાં પરિબળોને અટકાવવાનો છે. આ પ્રકારનું નાણું ત્રાસવાદી સંગઠનો તરફ જતું રોકવાનો પણ એક હેતુ છે.

આપણાં મનમાં એક પ્રશ્ન ઊભો થઈ શકે કે આ "કે.વાય.સી" પ્રક્રિયા શું છે અને એ પ્રક્રિયા પૂરી કરવા માટે આપણે ગ્રાહક તરીકે શું કરવું જોઈએ. ભારતીય રિઝર્વ બેંકે બેંકિંગ વ્યવહારો માટે જારી કરેલી માર્ગદર્શિકા પ્રમાણે રિઝર્વ બેંકે કેટલાક 'સત્તાવાર માન્ય દસ્તાવેજો' (official valid document) નક્કી કરેલા છે. ગ્રાહકનો ફોટો ઓળખ માટે પાસપોર્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ, આધારકાર્ડ, મનરેગા કાર્ડ, નેશનલ પોપ્યુલેશન રજીસ્ટ્રીનાં દસ્તાવેજો માન્ય કરેલા છે. રહેઠાણનાં પુરાવા માટે, વીજળી બીલ, ટેલિફોન બીલ, ગેસ કનેક્શન બીલ, પંચાયતી સ્થાનિક સત્તાવાળાઓ જારી કરેલી સંપતિ વેરાની રસિદ, પેન્સન પેમેન્ટ ઓર્ડર જેવા દસ્તાવેજો માન્ય કરેલા છે. બેંકો માટે રિઝર્વ બેંકે માન્ય કરેલા દસ્તાવેજો ઉપરાંત અન્ય પ્રકારનાં નાણાકીય અને અન્ય વ્યવહારો માટે જે તે સત્તાવાળાઓએ માન્ય કરેલા અન્ય દસ્તાવેજો પણ ઓળખ અને રહેઠાણનાં પુરાવા તરીકે આપ શકાય છે. ટૂંકમાં 'કે. વાઈ. સી' માટે એવો માન્ય દસ્તાવેજ જોઈએ જેના દ્વારા વ્યક્તિ પોતાના ફોટા દ્વારા પોતાની સાચી ઓળખ આપી શકે. ઓળખ માટે દસ્તાવેજી પુરાવાઓ ઉપરાંત કેટલાક વ્યવહારો માટે જે તે આર્થિક સંસ્થાનનાં પ્રતિનિધિઓ ગ્રાહકનાં રહેઠાણ કે વ્યવસાયની જગ્યાએ રૂબરૂ મુલાકાત લઈને પણ ખાતરી કરતાં હોય છે. આમ દસ્તાવેજી પુરાવાઓ તથા રૂબરૂ મુલાકાતનાં આધારે સંસ્થાનાં પ્રતિનિધિને વ્યક્તિની ઓળખ અને રહેઠાણ વિષે સંતોષ થાય પછી જ તેનાં વ્યવહારોની આગળની કાર્યવાહી થતી હોય છે.

કેટલાક પ્રકારનાં આર્થિક વ્યવહારો માટે 'ઈ-કે. વાય. સી' **(ELECTRONIC KYC)** ની સગવડતાઓ પણ સત્તાવાળાઓ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સગવડતા પ્રાપ્ત હોય ત્યાં કાગળનાં સ્વરૂપમાં દસ્તાવેજો આપવાની જરુર નથી પડતી પણ દસ્તાવેજોની ઓનલાઈન ખાતરી કરવામાં આવે છે. આમ કરવાથી આધારભૂત પુરાવાઓ મળે છે, કાગળ અને ઝેરોક્ષનો ખર્ચ બચે છે અને સમય પણ વેડફાતો નથી.

એક જ વ્યક્તિ જ્યારે ગ્રાહક તરીકે વિવિધ આર્થિક સંસ્થાનો સાથે જોડાતી હોય છે ત્યારે દરેક સંસ્થાનોને ગ્રાહકે 'કે. વાય. સી' દસ્તાવેજો અલગ અલગ રીતે આપવા પડતાં હોય છે. આ પ્રક્રિયાને કારણે એક જ પ્રક્રિયા બેવડાય છે અને સમય અને શક્તિ વેડફાય છે. આ પ્રકારનાં દુર્વ્યયને ખાળવા માટે સરકાર દ્વારા એક સુંદર પહેલ કરી છે. સરકારે 'સી-કે. વાય. સી' (CENTRALISED KYC) ની પદ્ધતિ દાખલ કરીને એક ઉમદા અભિગમનું અમલીકરણ કર્યું છે. કોઈ ગ્રાહક જ્યારે કોઈ એક આર્થિક સંસ્થામાં પોતાના 'કે. વાઈ. સી' દસ્તાવેજો રજૂ કરે ત્યારે એ સંસ્થા 'સી-કે. વાઈ. સી' નાં પોર્ટલમાં તેની નોંધણી કરે છે. આ પોર્ટલ દ્વારા ગ્રાહકને 'સી-કે. વાય. સી' નંબર મળે છે. આ નંબર મળ્યા પછી ગ્રાહક અન્ય કોઈપણ આર્થિક સંસ્થા કે જે 'સી-કે. વાય. સી' સાથે જોડાયેલી હોય તેની સાથે જોડાય કે વ્યવહાર કરે તો ગ્રાહકે માત્ર સી' નંબર જ આપવો પડે છે. તેના આધારે એ સંસ્થામાં ગ્રાહકની ઓળખ થઈ જાય છે. ગ્રાહકે દસ્તાવેજો આપવાની જરૂર રહેતી નથી. 'સી-કે. વાય. સી' વ્યવસ્થાનું CERSAI (CENTRAL REGISTRY OF SECURITISATION ASSET RECONSTRUCTION AND SECURITY INTEREST OF INDIA) દ્વારા સંચાલન કરવામાં આવે છે.

'કે. વાય.સી' ની પ્રક્રિયા ગ્રાહકોને તથા નાણાકીય સંસ્થાઓને નાણાકીય વ્યવહારોમાં સુરક્ષા આપે છે. આ પ્રક્રિયા ગ્રાહકોના હિતની સાથે સાથે આર્થિક સંસ્થાના, અને દેશના અર્થતંત્રના પણ હિતમાં છે. આ પ્રક્રિયા અને વ્યવસ્થાને એક ગ્રાહક તરીકે આપણે સૌએ સહર્ષ સ્વીકારવી જ રહી.

**વિનોદ અમલાણી**
**આસિસ્ટન્ટ જનરલ મેનેજર અને ડાયરેક્ટર**
**સ્ટેટ બેન્ક ઈન્સ્ટિટ્યુટ ઓફ લર્નિંગ એન્ડ ડેવલપમેન્ટ, ગાંધીનગર.**

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ માટે

# ચિંતન શિબિર તેમજ શ્રી જલારામ મંદિર પરિસરમાં સફાઈ સેવાયજ્ઞ





ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) દ્વારા ૪ માર્ચના રોજ કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે યોગ,અધ્યાત્મ,ધ્યાન જેવી બાબતનું માર્ગદર્શન મળે તેમજ તેઓને યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આ બાબતો ઉપયોગી સાબિત થાય તેવા ઉમદા હેતુથી અત્રેની બીબીએ કોલેજ દરવર્ષે વિદ્યાર્થીઓને શ્રી અરવિંદ સાધના કેન્દ્રની એકદિવસીય શિબિરનું આયોજન કરે છે. સવારના ૯.૩૦ વાગ્યાથી લઈ ૧૨.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીઓએ મહર્ષિ શ્રીઅરવિંદ, પોંડીચેરીઆશ્રમ, બાબતે માર્ગદર્શન લીધું હતું. શ્રીઅરવિંદ સાધના કેન્દ્ર તરફથી ડો.સી.કે.તન્ના તેમજ અન્ય મહાનુભાવો એ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આજના ડીજીટલ યુગમાં વ્યક્તિ ને મનની શાંતિ મેળવવી હશે તો આવા કોઈ પવિત્ર સ્થાન પર મળશે.જ્યાંથી સમગ્ર દુનિયાની ભાગદોડ માં માણસમાં ડીપ્રેશન,સ્ટ્રેસ સહીત માનીસિક તેમજ શારીરિક સમસ્યાઓ સામે આવે છે. જેનું સમાધાન યોગ,ધ્યાન તેમજ તેને સંલગ્ન પ્રવૃતિઓથી થઈ શકે છે. આથી વ્યક્તિને માનસિક રીતે મજબુત થવા ઉપરોક્ત પ્રવૃતિઓમાં જોડાવું જોઈએ. સમગ્ર શિબિર બાદ વિદ્યાર્થીઓએ પોતાના અભિપ્રાય માં જણાવ્યું હતું.કે કોલેજ દ્વારા આવા કાર્યક્રમોનું આયોજન થાય છે. જે અમારા સર્વાંગી વિકાસ માટે ખુબ ઉપયોગી સાબિત થશે. સાથેસાથે કોલેજના NSS યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.જેના થકી સમાજ માં વિદ્યાર્થીઓ દ્વારા અનુકરણીય ઉદાહરણ પૂરુ પાડવા માં આવ્યું હતું. સફાઈ અભિયાનમાં ૬૭ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે જોડાયા હતા. વિદ્યાર્થીઓમાં તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા અને "સ્વચ્છ ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા બીબીએનાં તમામ વિદ્યાર્થીઓને આચાર્યશ્રી રમાકાન્ત પૃષ્ટિ તેમજ ડૉ.જયેશ તન્નાએ સંકલ્પ લેવડાવ્યો. તેઓએ વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યુ ત્યારબાદ વિદ્યાર્થીઓ કેમ્પસ અને કેમ્પસ ની આજુબાજુ માંથી કચરો ભેગો કર્યો. હતો.તમારી આજુબાજુ પ્લાસ્ટીક નો કચરો તેમજ અન્ય સૂકો અને ભીનો કચરો ભેગો કરી નગરપાલિકાની કચરાપેટી માં પહોચાડ્યો હતો.કેમ્પસ આસપાસના વિસ્તાર માંથી ઘણોબધો કચરો ભેગો કરી વિદ્યાર્થીઓએ અનુકરણીય ઉદાહરણ સ્થાપિત કર્યુ.સમગ્ર કાર્યકર્મ થી વિદ્યાર્થીઓ અભિભૂત થયા હતા. અને તેમણે સ્વચ્છતા અભિયાન માં જોડવાનું નક્કી કર્યુ હતુ તેમજ પોતના રહેણાક વિસ્તાર કે શાળા-કૉલેજ અને અન્ય જાહેર સ્થળો જેવા કે રેલવેસ્ટેશન, બસ સ્ટેશન,આરોગ્ય કેન્દ્ર જેવી જગ્યાઓ પર પંહોચી સફાઈ માટે લોકોને જાગૃત કરવાનું સ્વીકાર્યુ હતુ. વિદ્યાર્થીઓને પોતાના અધ્યાપક ગણને સફાઈ કરતા જોવાથી અનેરી પ્રેરણા મળી હતી અને જણાવ્યુ હતુ કે જીવન માં કોઈ કાર્યમાં નાનપ અનુભવાય નહી દરેક કાર્યનું આગવુ મહત્વ હોય છે.તેવુ સંસ્થાનાં આચાર્યશ્રી દ્વારા જણાવાયુ હતુ.તેમજ સ્વચ્છતા નાં ફાયદા જણાવતા વધુમાં કહ્યુ હતુ કે આરોગ્ય નાં પ્રશ્નો માં પણ સ્વચ્છતા ખૂબ મહત્વ નો ભાગ ભજવે છે. સાથે સાથે વાતાવરણ સુઘડ બને તેમજ દેશ- વિદેશ માં આપણી છાપ સ્વચ્છ ભારત બાબતે ધ્રુમિલ છે. તેને આપણે સૌ સહીયારા પ્રયત્નો થી સુધારવા ની છે. તેમજ પ્રદુષણ, ગ્લોબલ વૉમિંગ જેવા અનેક આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પણ ગંદકી નાં કારણે ગંભીર બન્યા છે. જે બાબત ચિતા ઉપજાવનારી છે. સમાજનાં લોકોને શહેરી વિસ્તાર જેમા સ્લમ ઍરિયા, ઔધોગીક વિસ્તાર, ચાલી, પોળ જેવા વિસ્તારો માં લોકો ને જાહેર સ્થળો પર તેમજ ઘરમાં પણ સફાઈ ની જાળવણી રાખવા જાગૃત કરીશુ.

કૉલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના, NSS પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા સફળ બનાવવા માં આવ્યુ હતુ.

# સમર્પણ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઓપન સ્ટેટ ટેકવાન્ડો ચેમ્પીયનશીપમાં ભાગ લીધો



ગાંધીનગર, તા. ૧૮

આયર્ન પબ્લિક સ્કૂલના ગુજરાતી માધ્યમ તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ટેકવાન્ડોના કોચ અજય આર જાડેજા સરના માર્ગદર્શનમાં ગાંધીનગર સમર્પણ સ્કૂલ, ઓપન સ્ટેટ ટેકવાન્ડો ચેમ્પીયનશીપમાં ભાગ લીધો હતો.

વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ગુજરાતી માધ્યમના આચાર્યા શ્રીમતી દિપીકાબેન ગોસાઈ તથા માધ્યમિક વિભાગના આચાર્ય પુનિતભાઈ એમ શાહ તેમજ અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી સંગીતાબેન ધાંડે દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.



બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, માણસા ખાતે કોરોના વાઈરસ જાગૃકતા અંતર્ગત વિના મુલ્યે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાત સાહિત્ય અકાદમીના કાર્યવાહક સમિતિની નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૮

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીની કાર્યવાહક સમિતિના નવા સભ્યોની નિયુક્તિ કરવામાં આવી છે.

જેમાં સર્વશ્રી મણીલાલ હ. પટેલ (ખ્યાત સાહિત્યકાર), અમીબેન ઉપાધ્યાય (શિક્ષણશાસ્ત્રી અને કુલપતિ, ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી), ભરત પંડ્યા (સાર્વજનિક જીવનમાં સક્રિય), તરુણ દત્તાણી (પત્રકાર અને સંપાદક અભિયાન)નો સમાવેશ થાય છે.

## ડાયરેક્ટ ❤ સે

ખરાબ મારે નથી બનવું, પણ એટલું કહી દઉં છું, જગતમાં સારા બનવામાં બહુ તકલીફ પડી છે...

## જન્મદિને વધામણી



વિવેક બ્રહ્મભટ્ટ
મિકેનીકલ એન્જિનીયર
મો. ૭૪૦૫૧ ૧૧૯૫૯



સુરેશભાઈ નટવરલાલ ત્રિવેદી
મો. ૭૦૯૬૬ ૩૦૦૭૪



આર્યા જે શાહ
મો. ૯૭૨૩૦ ૧૯૩૯૯



માનવ ચિરાગ પારેખ
મો. ૯૪૨૬૫ ૩૪૮૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ચિરંજીવ જીવન મૂલ્યોના જ્ઞાનસભર વૈચારિક લેખોનો ઉત્તમ સંચય







આપણાં જીવન ઘડતરના પાયારુપ સંસ્કૃતિ, કલા,લોકજીવન, સંસ્કારો અને જીવન પદ્ધતિના સ્તંભ તરીકે આપણે જેને ઓળખી શકીએ તેવું ઋષિ મુનિઓ અને પ્રાચીન વિદ્યાપુરુષો દ્વારા રચાયેલા પૌરાણિક સાહિત્યનું આપણાં જીવનમાં અત્યંત મહત્ત્વ છે. આ સાહિત્ય પહેલાં મુખોમુખ પદ્ધતિએ કહેવાયું, ગવાયું અને જીવાયું. તેણે આપણા આચાર વિચારો, રહેણીકરણી ને અનેક રીતે પ્રભાવિથ કરી હતી. વર્ષો સુધી આમ પરંપરાત રીતે આપણા જીવનનો એક હિસ્સો બની રહેનાર આ સાહિત્ય સમયની માંગ મુજબ કયારેક ભોજપત્ર પર કે પથ્થર પર કંડારાયું હશે. તેમાં અનેક પરિવર્તનો આવવા છતાં આપણા જીવનશૈલી બની ચૂકેલ આ પૌરાણિક સાહિત્ય વસ્ત્ર પર અને છેલ્લે કાગળ પર ઉતરી આવ્યું. જે આપણા માટે એક અમર વારસા સમાન બની રહ્યું છે.

આવા પ્રાચીન અને પૌરાણિક સાહિત્યના અમર વારસાને ઉજાગર કરતાં પુસ્તકની વાત કરવી છે.

'અમર વારસો' પુસ્તકના લેખક ડૉ. રશ્મિકાન્ત પદ્મકાંત મહેતા છે.

દળદાર ગ્રંથ સમું આ પુસ્તક તેના શિર્ષક, સુંદર છાપકામ અને તેમાં રહેલા ૧૯૭ જેટલા અલભ્ય કહી શકાય તેવા જ્ઞાનસભર વૈચારિક લેખોને કારણે સૌ કોઈને આકર્ષવામાં સફળ થાય તેવું છે. જેને લેખકે પોતાના દાંપત્યજીવનમાં પચાસ વર્ષમાં પ્રગટેલ સાહિત્ય પુષ્પરુપે જીવનસંગિની શિવાની (ગાર્ગી)ને અર્પણ કર્યું છે.

પુસ્તક 'અમર વારસો' જિજ્ઞાસુ અને સુજ્ઞ વાચકના હાથમાં મુકતા લેખક નમ્રપણે તેને વારસાની અમરતાને ઉજાગર કરવાના પ્રયત્ન રુપે ગણાવે છે. આ પુસ્તકમાં સમાવિષ્ઠ તમામ લેખો 'ગાંધીનગર સમાચાર' દૈનિકની વાંચન વિશેષ પૂર્તિમાં દર શુક્રવારે આજ શિર્ષકથી પ્રગટ થતા હતા. જેને અધ્યાપક એવા આ પુસ્તકના વિદ્વાન લેખકે પોતાના વિદ્યાર્થીઓ અને જેને તેઓ માનસ પુત્રો સમજે છે તેવા હિરેન ભટ્ટ અને ડૉ. જય ઓઝાને આપી કૃતકૃત્વ થયા હોય તમ અવશ્ય લાગે છે. ભાઈ હિરેન ભટ્ટે આ સંકલિત લેખોને પુસ્તક સ્વરુપનો સુઘડ અને સુંદર ઘાટ આપી ગ્રંથસ્થ કર્યા તેમાં ડૉ. જય ઓઝાના સહયોગની પણ લેખકે ખાસ નોંધ લીધી છે. કારણ કે લેખકના અમેરિકા નિવાસ દરમિયાન લેખકની પુત્રી મિત્રા દ્વારા મોકલવામાં આવેલ લેખને જય ઓઝા ગાંધીનગર સમાચાર સુધી પહોંચાડતા હતા.

આ બધા લેખોમાંથી પસાર થતાં તેમાં આપણને ચિરંજીવ જીવન મૂલ્યોને કોઈને કોઈ રીતે પ્રગટ થતા જોઈ શકાય છે. જે આપણા સમૃદ્ધ એવા સાંસ્કૃતિક વારસાની અમરતાને ઉજાગર કરે છે.

આ લેખોની શુભ શરુાત ગુરુને પ્રમઆણ કરી પછી ગોવિંદને સંભાળતાં લેખકે કરી છે. તે પછીના લેખોમાં સુખનાં પગલાં સાત, કેવો હશે આ કળિયુગ?, એક રાજયોગીનો વિચાર વૈભવ તેમજ નીતિવાક્યોનું અમૃત, ચાણક્યની નીતિ સુધાનો આસ્વાદ, પ્રાજ્ઞ પુરુષનો નીતિ વૈભવ, ચાણક્ય નીતિના ચમકારા, પ્રેરણાદાયી લઘુકથાઓ, પ્રાચીન ભારતની વંદનીય નારી પ્રતિભાઓ, લોહપુરુષનું ઉજ્જવળ ચરિત્ર, એક બાદશાહની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, અપ્રગણ સ્નેહની રોમાંચક કથા, વામન બન્યા વિરાટ, મુક્તતોમાં વહેતી નીતિ સરિતા, કર્તવ્ય, સાહસ, પ્રેમ અને સમર્ણણની કથા, ગાંધી ગીતાની વિદેશ યાત્રા, એક મણિની પરિભ્રમણ કથા, એકસો આઠ આસ્થાનાં સ્થાનકો જેવા લેખો વાચકને આકર્ષે તેવા છે.

અણમોલ ખજાના રુપ અમર વારસો પુસ્તકને વધાવતાં લેખકના વાંચન અને ચિંતનને બિરદાવતાં ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત ભાઈએ પોતાના નિવેદનમાં લેખકની સચોટ અને સરળ અભિવ્યક્તિને તેમની કલમની આગવી ઓળખ ગણાવી છે. અલભ્ય ગ્રંથોના વાંચન અને સંશોધન બાદ પ્રસંગોચિત પાત્રોને અસરકારક રીતે ઉપસાવવાનું નિષ્ઠાપૂર્વક કાર્ય કરનાર લેખકનું આ પુસ્તક આવતીકાલના પડકારોને પોંખવા માટે પ્રેરક અનએ પુરક બની રહેશે તેવી અભિલાષા પણ વ્યક્ત કરી છે.

'અમર વારસો' ના લેખક રશ્મિકાન્ત ભાઈ સરળ વ્યક્તિત્વ ધરાવતા સફળ અભિવ્યક્તિ કરનાર આપણી અણમોલ સંસ્કૃતિના રખેવાળી માટે પ્રતિબદ્ધ વિદ્વાન છે. ૪૫ વર્ષનો અધ્યાપક તરીકે અનુભવ ધરાવતા લેખકનાં ૭૦ જેટલા પુસ્તકો, ૧૧૭ જેટલા અભ્યાસ લેખો એન સંપાદન લેખો પ્રગટ થઈ ચૂક્યા છે. તેમનાં અનેક બહુમાનો સાહિત્ય અકાદમી, સાહિત્ય પરિષદ, દેશ તેમજ વિદેશની યુનિવર્સિટીઓ દ્વારા થયા છે. તેમના આ અત્યંત ઉપયોગી અને આજના સમયની માંગરુપ ગ્રંથ આપવા બદલ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**અમર વારસો (લેખ સંચય)**
**લેખક : ડો. રશ્મિકાન્ત મહેતા**
**પ્રકાશક : પોતે**
**પ્રથમ આવૃત્તિ :૨૦૨૦**
**કિંમત : રૂા. ૫૦૦/-**